અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજાક/૧૩૦૬/ન.બા.૧૦/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૪-૪-૨૦૦૯

**વંચાણે લીધા :-**

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧-૧૦-૮૭ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-મુમ-૧૨૪૭-જ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-૧૦-૯૯ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.-૧૬-ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪-૩-૦૭ તથા તા.૨૧-૧-૦૯ નો ઠરાવ ક્રમાંક : અજાક-૧૩૦૬-ન.બા.૧૦-ગ.

## ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે વાર્ષિક ૪ ટકાના દરે લોન આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમમાં વખતો વખત વધારો થતાં વસૂલાત માટે મુદલ અને વ્યાજ વસૂલાતના હપ્તા નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી નાણાકીય લોન માટે વંચાણે લીધેલ સંદર્ભ નં. ૧ તા.૨૧-૧૦-૮૭ ના ઠરાવની શરત નં. (૧૨) નક્કી થયેલ છે તે સુધારીને નીચે મુજબ રાખવામાં આવે છે.

(૧૨) લાભાર્થીને લોનની ચૂકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસૂલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીને લોનની પરત ચૂકવણી ૧૦ વર્ષમાં મુદલ અને વ્યાજ ૨ વર્ષ એમ મળી ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવાની રહેશે. તે અનુસાર માસિક હપ્તાની રકમની ગણત્રી કરી વસૂલાતની કાર્યવાહી કરવાની રહેશે.

૩. રૂ.૧૫.૦૦ લાખની લોન જેમને આ અગાઉ મંજૂર કરાયેલ છે તે તમામ કિસ્સામાં પણ ઉપર નક્કી થયા પ્રમાણે વસૂલાત કરવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૯-૩-૦૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**

**(શામજીભાઈ પટેલ)**

સંયુકત સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.